જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૫/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૭૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૭૯	૦	૧૧૪૭૯	૧૭૫૯૮	૦	૧૭૫૯૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૩	૦	૮૩	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૬૮૯૪	૭૪	૪૬૯૬૮	૪૭૬૪૮	૭૭	૪૭૭૨૫
કુલ		૬૩૧૬૪	૭૪	૬૩૨૩૮	૭૧૭૯૦	૭૭	૭૧૮૬૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧	૧૧,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૪૨	૪,૪૨,૦૦૦/-

અનાજ કિટ વિતરણની વિગત

આજ રોજ ક.૧૦/૩૦ કલાકે મેમ્કો ચાર રસ્તા ખાતે પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સંજય શ્રીવાસ્તવ સાહેબશ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી વહીવટ અજય ચૌધરી સાહેબશ્રી નાઓ તરફથી શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા રહેતા ૪૦ જરૂરીયાતમંદ પરીવારોને અનાજ કીટનુ વિતરણ કરવામા આવેલ જેમા DCP ઝોન-૩ મકરંદ ચૌહાણ સાહેબશ્રી ACP હિતેશ ધાંધલ્યા સાહેબશ્રી સીનીયર પો.ઇન્સ શહેરકોટડા પોલીસ સ્ટેશન એસ.જે.રાજપુત તથા સેક્ન્ડ પો.ઇન્સ ડી.બી.ડાભી તેમજ અન્ય પોલીસ કર્મચારીઓ સાથે ઉપરોક્ત સ્થળે પરીવારોને રૂબરૂ હાજર રહી અનાજ કીટ વિતરણ કરવામા આવેલ.









આજરોજ , મહે. સી.પી. સર તથા એડ. સી પી સર દ્વારા , ગઈકાલ વાવાઝોડા માં રખિયાલ પો.સ્ટે. ઝૂંપડપટ્ટી વિસ્તાર માં અસર પામેલ ગરીબ કુટુંબો ને રખિયાલ પોલીસ સ્ટેશન સ્ટાફ ને સાથે રાખી ને 55 જેટલી રાશન કીટ આપવા માં આવી.









ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી એમ.એમ.લાલીવાલા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના એ.ઓ.ભરવાડ પો.સબ.ઇન્સ. તથા સાથેના સ્ટાફના પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં.૧૨૮૩ તથા પો.કો.ખુમાનસિહ બળદેવભાઇ બ.નં.૭૨૮૮ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.એઝાઝહુસેન સાબીરભાઇ બ.નં.૬૪૮ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના પો.કો.ઝાહિદહુસેન અનવરહુસેન બ.નં.૧૨૮૩ તથા પો.કો.ખુમાનસિહ બળદેવભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે અલ્તાફ ઉર્ફે અલ્તુ સાજીદઅલી સૈયદ ઉ.વ.૨૬ રહે: સાઇડ એન્ડ સર્વિસ ના છાપરા ગંજ શહીદ દરગાહની સામે દાણીલીમડા અમદાવાદ શહેર નાએ ચોરી કરી મેળવેલ (૧) સી.એન.જી. ઓટો રીક્ષા આર.ટી.ઓ.નં.જીજે.૦૧.ડી.વાય.૫૫૦૩ જેનો એ.નં.૫૪૭૫૪ તથા ચે.નં.૭૦૦૪૩ નો છે જેની આશરે કિ,રૂ,૪૦,૦૦૦/- તથા (૨) સી.એન.જી.ઓટો રીક્ષા નં.જીજે.૦૨.વાય.વાય.૧૮૬૯ જેનો એ.નં.૪૭૧૫૨ તથા ચે.નં.૬૮૯૯૯ નો છે જે આશરે કિ,રૂ,૧,૫૦,૦૦૦/- મળી કુલ્લે રૂ. ૧,૯૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ (૧) નારોલ પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૬૫૨૧૦૭૧૯ /૨૦૨૧ ધી ઈપીકો કલમ-૩૭૯ મુજબ તથા (૨) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૧૨૧૦૭૮૭/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯ મુજબ અલગ અલગ પો.સ્ટે.ના મિલ્કત સંબંધી ગુન્હોઓ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી, ૯ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૭૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૮૭૯/૨૦૨૧**

ગુજરાત યુનિવર્સિટીઃ મનિષ દીલીપભાઈ સંઘાણી (ઉ.વ.૩૫) (રહે. ૨૮૦/એ, સેક્ટર-૧/સી, ગાયત્રી મંદીર પાસે ગાંધીનગર) એ તા.૧૮/૦૫/૨૦૨૧ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા દર્પણ સર્કલ પાસે શાંતાસાગર કોમ્પ્લેક્ષ ખાતે આરોપી (૧) ચિત્રેશસિંહ રાજેન્દ્રસિંગ વિરભાન (રહે. રાજનગર ગાઝીયાબાદ ઉત્તરપ્રદેશ) (૨) અશોકસિંહ અને (૩) અતુલ ગુપ્તા (તમામ ઠે. એ.એમ.એન્ટગરપ્રાઈસીસ યુસુફપુર ઈસાપુર તા.મોદીનગર જી.ગાઝીયાબાદ ઉત્તરપ્રદેશ) એ ભેગા મળી મનિષ સંઘાણીને ધંધાકીય બાબતમાં વિશ્વાસમાં લઈ મનિષ સંઘાણીના કમીશનના નાણા ૨૩,૫૦,૦૦૦/- મનિષ સંઘાણીને નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.સી.ધુમ્મડ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ નિરવ ગીરીશકુમાર લાલા (ઉ.વ.૪૭) (રહે. મારૂતિ સોસાયટી અલ્કાપુરી સોસાયટીની બાજુમાં ઘાટલોડીયા ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) એ તા.૧૮/૦૫/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૫/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૯૦૫૪૬૪૦૮૫૮, ૯૭૧૪૬૯૪૯૦૭ અને ૯૬૦૧૩૨૭૬૨૭ ના ધારકે નિરવ લાલાના મોબાઈલ પર ફોન કરી વાત કરી વિશ્વાસમાં લઈ Oxygen Concentrator મશીનના ફોટા તેમજ એટોમદાસ નામની કંપનીનુ ઇનવોઇસ વોટ્સએપ મારફતે મોકલી વેચાણ કરતા હોવાની વાત કરતા નિરવ લાલાને ઓનલાઇન ડિલીંગ કરી નિરવ લાલા પાસેથી રૂપિયા ૭૫,૦૦,૦૦૦/- તથા સાહેદ કૌશિકભાઇ પાસેથી રૂપિયા ૩૮,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૩,૦૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૮૮૦/૨૦૨૧**

ચાંદખેડાઃ પરેશભાઇ અરવિંદભાઇ પ્રજાપતી (રહે.મધુરમ એક્ઝોટીકા નવા બળિયાદેવ મંદિર સામે ચાંદખેડા ગામ ચાંદખેડા) એ તા.૧૮/૦૫/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૧૪/૦૫/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૪,૩૫૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

દિવાલ પડતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૮૮૧/૨૦૨૧**

માધવપુરાઃ માધવપુરા મહેંદીકુવા પાસે કલ્યાણ ગ્રામ સોસાયટી સામે બાલાપીરના ટેકરા ખાતે રહેતા અમીતભાઇ રજનીભાઇ દાતણીયાનો સાત વર્ષનો પુત્ર કૃણાલ તા.૧૮/૦૫/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નિકળી ટેકનોસેટ રીક્ષાના કારખાનાની દીવાલ નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે વાવાઝોડા-વરસાદને કારણે દિવાલ ધસી પડતા કૃણાલને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વીનાજી રૂગ્નાથજી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૮૮૨/૨૦૨૧**

વટવા જીઆઇડીસીઃ વિરેન્દ્રસિહ વિશ્વનાથસિહ યાદવ (ઉ.વ.૩૨) (રહે. નવી વસાહત જશોદાનગર) તા.૧૮/૦૫/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી એમ.એસ.ફેઝ-૪ કાર ઉધોગ કંપનીમાં સ્ટીલ પ્લાંટમાં કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૮૮૩/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ લક્ષ્મણભાઇ રેવાભાઇ રાઠોડ (ઉ.વ.૨૯) (રહે.જય ગીરનારીની ચાલી પરષોત્તમ કુંભારની ચાલી ગરીબનગર બહેરામપુરા) બિમારીથી કંટાળી તા.૧૨/૦૫/૨૦૨૧ ના રોજ ઘરેથી નિકળી ગયા હતા અને તા.૧૮/૦૫/૨૦૨૧ કલાક ૧૦/૨૨ વાગ્યા પહેલા જમાલપુર ફુલ બજાર સ્કાઇલાઇન પાસે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

આનંદનગરઃ જીતેન્દ્ર બાબુભાઇ ચૌહાણ (ઉ.વ.૬૨) (રહે. શાંતિનાથ એપાર્ટમેન્ટ વેજલપુર બસ સ્ટેશન સામે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભેમજીભાઇ દેવરાજભાઇ ચલાવે છે.

રખિયાલઃ મહેન્દ્રભાઇ જીવણભાઇ રાઠોડ (ઉ.વ.૨૮) (રહે. સંતવિનોબાભાવેનગર સુખરામનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૧ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુનીલકુમાર રૂપાજી ચલાવે છે.

ઓઢવઃ પ્રાગજીભાઈ કાનજીભાઈ સરધારા (ઉ.વ.૬૫) (રહે. મોહનકૃપા સોસાયટી વિરાટનગર વેરા પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૫/૨૦૨૧ સાજના ૭/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતનાં હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી